Website : www.vishashrimalignati.org
Email : vishashrimalignati@gmail.com

આદર્શ સખાવત સાધાર્મિક ભાતૃભાવ

Let's Join Hands Together
Hands In Hands, Let's Race Ahead

# શ્રી અમદાવાદ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક વીશા શ્રીમાળી શ્રાવક જ્ઞાતિ

વીશા શ્રીમાળી જ્ઞાતિ વાડી, હાજા પટેલની પોળ, કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : ૨૫૩૫૫૯૫૭

શેઠશ્રી :
**શ્રી દેવલભાઈ નરેન્દ્રભાઈ શેઠ**
(મો.) ૯૯૨૫૧૫૨૯૩૪

પ્રમુખ શ્રી :
**શ્રી હિરેનભાઈ રસીકલાલ વકીલ**
(મો.) ૯૯૭૮૩૯૦૨૮૪

માનદ્‌મંત્રી શ્રી :
**શ્રી કેતનભાઈ મહેન્દ્રભાઈ શાહ**
(મો.) ૯૪૨૭૭૯૧૮૫૨
(મો.) ૯૮૨૫૦૧૮૦૨૨

માનદ્ સહમંત્રી શ્રી :
**શ્રી ચંદ્રપ્રકાશભાઈ રસીકલાલ શાહ**
(મો.) ૯૮૭૯૦૦૫૭૭૬

માનદ્ ખજાનચી
**શ્રી વિરાજભાઈ પ્રવિણભાઈ શાહ**
(મો.) ૮૧૫૫૯૯૬૮૮૮

।। संहित कार्यसाधिका ।।

**વ્યવસ્થાપક સમિતી**

**શ્રી ભૂપેન્દ્રભાઈ કલ્યાણભાઈ શાહ**
(ઘર) ૨૬૬૦૯૭૬૦
(મો.) ૯૪૨૬૩૨૯૫૩૭

**શ્રી જ્યોતીન્દ્રભાઈ બાબુલાલ શાહ**
(ઘર) ૨૬૬૩૧૯૨૫
(મો.) ૯૪૨૬૬૩૧૯૨૫

**શ્રી કિરીટભાઈ ચીનુભાઈ શાહ**
(ઘર) ૨૬૭૪૧૬૩૦
(મો.) ૯૪૨૬૪૨૪૭૯૯

**શ્રી કિર્તીભાઈ બુધાલાલ અપ્પા**
(ઘર) ૨૨૧૪૯૮૯૭
(મો.) ૭૪૯૦૯૬૩૮૨૩

**શ્રી નિતીનભાઈ કસ્તુરભાઈ શાહ**
(ઘર) ૨૬૬૦૦૧૦૫
(મો.) ૯૯૯૮૭૮૯૩૪૬

**શ્રી આકાશભાઈ શિરીષભાઈ શાહ**
(ઘર) ૨૬૫૮૮૯૬૨
(મો.) ૯૮૨૪૩૮૧૭૨૮

**શ્રી અતુલભાઈ બાબુલાલ શાહ**
(મો.) ૮૧૫૩૦૦૧૮૮૮

**શ્રી હિમાંશુભાઈ ભરતભાઈ શાહ**
(મો.) ૯૨૨૭૪૪૭૬૬૫

**શ્રી હિતેન્દ્રભાઈ મંગળદાસ શાહ**
(મો.) ૯૮૨૫૭૩૩૨૨૭

**શ્રી કમલભાઈ નવીનચંદ્ર શાહ**
(મો.) ૯૯૨૫૦૫૬૫૬૫
(મો.) ૯૮૭૯૦૫૬૫૬૫

**શ્રી મૌલિનભાઈ દીપકભાઈ શાહ**
(ઘર) ૨૬૬૫૦૫૯૦
(મો.) ૯૮૨૪૦૫૧૧૧૪

**શ્રી મીનેષભાઈ હર્ષદભાઈ શાહ**
(મો.) ૯૮૨૪૦૩૨૫૮૫

**શ્રી પરેશભાઈ જયંતીલાલ ડાઘવાળા**
(ઘર) ૨૬૪૬૪૦૭૬
(ઓ) ૨૬૫૭૮૮૬૯
(મો.) ૯૮૨૫૦૨૨૦૧૨

**શ્રી રાજેન્દ્રભાઈ માણેકલાલ હીરાકણી**
(ઘર) ૨૬૭૪૪૫૧૯
(મો.) ૮૧૨૮૯૭૩૮૦૯

**શ્રી શૈલેષભાઈ મનુભાઈ શાહ**
(ઘર) ૨૬૫૮૪૨૨૮, ૬૬૦૫૬૩૩૮
(મો.) ૯૨૨૭૬૩૫૧૫૬

**શ્રી ઉમેશભાઈ રજનીકાંતભાઈ શાહ (કો. ઓપ્ટ.)**
(મો.) ૯૮૨૫૩૪૧૩૫૬

**શ્રી ઉશીરભાઈ કલ્યાણભાઈ શાહ (કો. ઓપ્ટ.)**
(ઘર) ૨૬૬૩૨૭૯૨
(મો.) ૯૪૨૬૪૧૨૨૯૯

**શ્રી સાગરભાઈ જયેશભાઈ શાહ (કો.ઓપ્ટ.)**
(મો.) ૯૮૯૮૭૨૪૨૭૨

સ્નેહીશ્રી જ્ઞાતિબંધુશ્રીઓ / ભગીનીઓ

તારીખ : ૨૯-૪-૨૦૧૯

## ◀ સમાચાર માહિતી પત્ર ▶

આપ સર્વે જ્ઞાતિ બંધુઓને આ સમાચાર - માહિતિપત્રના મધ્યમથી સંપર્ક કરતા અમો હર્ષ અને આનંદની લાગણી અનુભવીએ છીએ. જ્ઞાતિના ઉપક્રમે નીચે મુજબની પ્રવૃત્તિઓ તથા માહિતીથી આપ સૌને વાકેફ કરીએ છીએ.

**(૧) આવશ્યક માહિતીઓ :**

૧.૧ જ્ઞાતિની ઓફિસ તારીખ ૧-૨-૨૦૧૯ના રોજથી નીચે મુજબ નવા સરનામે કાર્યરત થયેલ છે.

**નવુ સરનામું :-** ૧૦૪, પ્રથમ માળ, સર્વ મંગલ કોમ્પ્લેક્ષ, અંજલી ચાર રસ્તા પાસે, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયાના ખાંચામાં, સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની ઉપર, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

**ઓફીસનો સમય :-** સવારે ૧૧-૩૦ કલાકથી સાંજના ૬-૩૦ કલાક સુધી ( રવિવાર તથા જાહેર તહેવારો સિવાય )

**નોંધ :** હાલ પુરતું હાજા પટેલની પોળની ઓફીસ દર શનિવારે બપોરના ૨-૦૦ કલાકથી ૫-૦૦ કલાક દરમ્યાન શહેરના લાણાદારોની સુવિધા માટે કાર્યરત રહેશે. જે સમયાંતરે બંધ કરવામાં આવશે.

૧.૨ જ્ઞાતિના વસ્તીપત્રને અપ-ડેટ કરવા માટે સૌ લાણાદાર સભ્ય ભાઈ-બહેનો એ પોતાના કુટુંબના સભ્યોની માહિતી સુધરાવવી આવશ્યક છે. તો દરેક લાણાદારે પોતાના કુટુંબની વ્યક્તિઓની વિગતો ના સુધરાવી હોય તો તારીખ ૩૧-૫-૨૦૧૯ સુધીમાં લેખિતમાં સુધરાવી દેવી જરૂરી છે.

૧.૩ તેવી જ રીતે દરેક સભ્યશ્રીએ તેમનો વોટસએપ નંબર જ્ઞાતિની ઓફીસે આપવો જરૂરી છે. જો લાણાદાર સભ્ય પાસે વોટસએપ નંબર ના હોય તો પોતાના કુટુંબના કોઈપણ સભ્યનો વોટસએપ નંબર આપશે. તો જ્ઞાતિને લગતી માહિતી જે તે વોટસએપ ઉપર મોકલવામાં આવશે.

૧.૪ **જ્ઞાતિની વેબસાઈટ : www.vishashrimali.org** વેબ પેજબનાવીને મૂકેલ છે. આપ આપની માહિતી સદરહુ વેબસાઈટ ઉપર જઈને જાતે જ સુધારી શકશો. જ્ઞાતિની ઓફીસે અથવા વેબસાઈટ ડીઝાઈનર શ્રી જીતેશભાઈની મદદ આપ લઈ શકશો. જેમના **Contact Nos. (079) 26630928, (M) 9426415402, (M) 9924242420** છે.

૧.૫ જૈન કોમ્યુનીટીને 'લઘુમતી'માં સામેલ કરેલ છે. જેના **(Benefits)** લાભો માટે માઈનોરીટી કાર્ડ જરૂરી છે. જે પણ સભ્યશ્રીઓએ હજુ સુધી માઈનોરીટી કાર્ડ કઢાવેલ ના હોય તો તેઓએ માઈનોરીટી કાર્ડ કઢાવવા માટે જ્ઞાતિ તરફથી જરૂરી કાર્યવાહી માટે મદદ આપવામાં આવશે.

૧.૬ જે જ્ઞાતિજનોના કુટુંબના સભ્યોએ સંયમ(દિક્ષા) ભૂતકાળમાં સ્વીકારેલ હોય તેઓની વિગતવાર માહિતી જ્ઞાતિની ઓફિસે પૂરી પાડવા વિનંતી છે.જેથી કરીને તેઓનો સંપર્ક કરી જ્ઞાતિ તેમની વૈયાવચ્ચનો લાભ લઈ શકે.

૧.૭ જ્ઞાતિ હાલમાં વિશા શ્રીમાળી જ્ઞાતિમાંથી જુદા જુદા ક્ષેત્રમાં **Doctors, Specialization Degree** સાથે વિશિષ્ઠ યોગદાન આપ્યું હોય તેવા તજજ્ઞોનું લીસ્ટ બનાવવાનું વિચારે છે તો આપના કુટુંબના કોઈપણ સભ્યે આવું યોગદાન આપ્યું હોય તો તેની માહિતી બીજા જ્ઞાતિજનોના હિતાર્થે આપવા વિનંતી છે.

૧.૮ જ્ઞાતિ અત્યારે પોતાનો સ્વતંત્ર ઈતિહાસ બનાવવાનું વિચારે છે. વિશા શ્રીમાળી જ્ઞાતિના કોઈપણ સભ્ય પાસે વિશા શ્રીમાળી જ્ઞાતિની ૪૨૫ વર્ષથી શરૂ કરીને કોઈપણ ઐતિહાસિક માહિતી હોય તો જ્ઞાતિની ઓફિસે મોકલી આપશો તો જ્ઞાતિ તેઓના આભારી થશે.

૧.૯ હાજા પટેલની પોળમાં આવેલા જ્ઞાતિના હોલમાં જો જ્ઞાતિની દીકરીના લગ્ન કરવામાં આવશે અને આમંત્રિતતો ની સંખ્યા ૧૫૦ થી વધારે નહી હોય તો તેવા કુટુંબોને ૫૦૦૦ રૂપિયાની મદદ કરવામાં આવશે.

૧.૧૦ જે કુટુંબની આવક ૩,૦૦,૦૦૦/- ત્રણ લાખ થી ઓછી હોય તેવા કુટુંબના જ્ઞાતિની દીકરીને લગ્ન પ્રસંગે ૫૦૦૦ રૂપિયાના **NSC** ભેટ તરીકે આપવામાં આવશે.

૧.૧૧ વિશા શ્રીમાળી જ્ઞાતિના સભ્ય તરફથી લગ્ન સમયે રાત્રી ભોજનનો ત્યાગ કરવામાં આવશે તેમને રૂા.૨૧૦૦ ભેટ તેમજ તેમનું જાહેરમાં જ્ઞાતિ તરફથી બહુમાન કરવામાં આવશે.

૧.૧૨ વિશા શ્રીમાળી જ્ઞાતિના સભ્યોના દીકરા કે દીકરીના લગ્ન સાદાઈપૂર્વક કરવામાં આવશે એટલે કે જેમાં ૧૫૦ થી વધારે સંખ્યા ના હોય તેવા કુટુંબને રૂપિયા ૫૦૦૦ની અનુમોદના સહાય જ્ઞાતિ તરફથી કરવામાં આવશે.

**(૨) તીર્થ યાત્રા :** જ્ઞાતિજનોને તીર્થયાત્રાનું આયોજન એ જ્ઞાતિની ઉચ્ચ પ્રણાલિકા રહેલ છે. રાજસ્થાનમાં આવેલ ૭૨ જીનાલય-ભીનમાલ તથા શ્રી જીરાવલા પાર્શ્વનાથની યાત્રાનું આયોજન પ્રાયઃ કરીને વિચારણા હેઠળ છે. જેની વિગતવાર માહિતી નિર્ધારીત થયેથી આપના રજીસ્ટર્ડ મોબાઈલમાં વોટસએપના માધ્યમથી આપવામાં આવશે.

**(૩)** ફ્રી ઈનામ તથા પાઠય પુસ્તકો માટેના ફોર્મ જ્ઞાતિની ઓફિસેથી મેળવીને તા. ૩૧-૦૮-૨૦૧૯ સુધીમાં જરૂરી પુરાવાઓ સાથે પરત આપવાના રહેશે. તથા બેંક ખાતાની વિગત આપવાની રહેશે. જેથી **ECS** થી ચેક બેંક ખાતામાં જમા થઈ શકે.

**ખાસ અગત્યનું :** ગુજરાત સરકારે માન્ય કરેલા જે તે ધોરણ માટેના પાઠ્ય પુસ્તકોની રકમ જ આપવામાં આવશે. તે સિવાયના પુસ્તકો કે નિબંધપોથી વિગેરે માટે આગ્રહ રાખવો નહીં.

**(૪) રાહતના દરે ચોપડા વિતરણ :-**

જ્ઞાતિના વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ માટે સીંગલ લીટીના ચોપડા રાહતના દરે આપવા માટેની વિગતો નીચે મુજબ છે.

**ચોપડા અંગેની માહિતી**

**સાઈઝ** : **210mm X 297mm** (મોટી ફૂલ સાઈઝ ચોપડા)
**લેમીનેશન** : **BOPP** લેમીનેશન
**પાના** : ૧૩૬ + ૪ ટાઈટલ પેજ

**સૂચનાઓ :-**

(૧) ચોપડા લેવા આવતી વખતે જ્ઞાતિનું ઓળખ કાર્ડ સાથે લાવવું ફરજિયાત છે. તથા વાર્ષિક લાગાની રકમ ભરવી આવશ્યક છે.
(૨) વિદેશમાં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થી / વિદ્યાર્થીનીના નામે ચોપડા ન લેવા નમ્ર અરજ છે.
(૩) જૂનું લવાજમ - લાગો બાકી હોયતો તે ભરાવી દેવા વિનંતી છે.
(૪) રાહતના દરે ચોપડા નીચે પ્રમાણે આપવામા આવશે.

| ધોરણ - અભ્યાસ | પ્રતિ વ્યક્તિ | ડઝનનો ભાવ |
|---|---|---|
| ૧ થી ૪ | એક ડઝન | ૧૬૦/- રૂા. |
| ૫ થી ૭ | બે ડઝન | ૧૬૦/- રૂા. |
| ૮ કે તેથી ઉપરના ધોરણ માટે | ત્રણ ડઝન | ૧૬૦/- રૂા. |

તદ્ઉપરાંત ક્લાસમેટના ચોપડા પ્રતિડઝન ૨૮૫/- રૂા.ના ભાવે તથા ઉપર મુજબ દર્શાવ્યા ઉપરાંતના ચોપડા પ્રતિ ડઝન ૨૮૫/- રૂા. ના ભાવે સ્ટોકમાં હશે ત્યાં સુધી આપવામાં આવશે.

**ચોપડા વિતરણ તારીખ અને સમય :-**

**તારીખઃ** ૬-૬-૨૦૧૯ ને ગુરૂવાથી તારીખ ૯-૬-૨૦૧૯ ને રવિવાર સુધી. સવારના ૯-૩૦ કલાક થી ૧૨-૩૦ કલાક દરમ્યાન

**સ્થળ :** 'સેલર' ગ્રાઉન્ડ ફ્લોર, લબ્ધી વિક્રમ, ધરણીધર દેરાસરની પાછળ.

ત્યારબાદ ચોપડા જ્ઞાતિની નૂતન ઓફીસે સ્ટોકમાં હશે ત્યાં સુધી ઓફીસના કામકાજના દિવસો તથા સમયમાં આપવામાં આવશે.

**(૫) કેળવણી ટ્રસ્ટ અંગે :-**

જ્ઞાતિ સંચાલિત કેળવણી ટ્રસ્ટના દાતાઓના નામ વેબસાઈટ ઉપર મૂકવામાં આવેલ છે. તેમાં જે દાતાઓને પોતાના પ્રતિનિધિના નામમાં, સરનામામાં તથા ટેલીફ્ન નંબર વિગેરેમાં ફેરફાર કરવાનો હોય તો જ્ઞાતિની ઓફીસે તા. ૩૧-૫-૨૦૧૯ સુધીમાં કરી દેવો. વારંવાર જણાવ્યા છતા, સરનામાં વિગેરેમાં ફેરફાર નોંધાયલ નથી. જેથી ટપાલો પાછી આવે છે. દાતાઓના પ્રતિનિધિની ચૂંટણી કરવાની હોવાથી આપનો સહકાર અત્યંત આવશ્યક છે.

**(૬) મેડીકલ રીલીફ ટ્રસ્ટ :-**

૬.૧ મેડીકલ રીલીફ ટ્રસ્ટના દાતાઓને પણ ઉપર મુજબ કેળવણી ટ્રસ્ટ પ્રમાણે સહકાર આપવા નમ્ર અરજ છે.

૬.૨ પાલડી / એલીસબ્રીજના વિભાગના દવાખાનામાં (ડૉ. શેઠનું નિદાન કેન્દ્ર) તા. ૧-૫-૨૦૧૯ થી રોજનો દવાનો દર ૪૦ રૂ. છે તેમાં હવેથી જ્ઞાતિજનોને આપવાની રકમ રૂા. ૨૦ રહેશે તથા જ્ઞાતિજન વતી મેડીકલ ટ્રસ્ટ રૂા. ૨૦ આપશે. જેની નોંધ લેવી.

**(૭)** જ્ઞાતિની વ્યવસ્થાપક કમિટી નોટબુક - ચોપડાનું રાહત દરે વેચાણ, ડિસ્કાઉન્ટેડ દરે પાઠ્ય પુસ્તકની ઉપલબધતા, સાધર્મિક બંધુઓને અનાજ તથા જીવન - જરૂરીયાતની ચીજ-વસ્તુઓનું વિતરણ, ઉચ્ચ શિક્ષણ તથા ફોરેન એજ્યુકેશન માટે લોન સહાય, રાહતના દરેક દવાઓ તથા શારીરીક તપાસ વિગેરે સેવાઓ ચાલુ છે. જેમાં હજુ પણ વધુ સહાય આપી શકીએ તેવા મનોરથ સાથે દાતાશ્રીઓ દાનનો પ્રવાહ અવિરત ચાલુ રાખશે તેવી નમ્ર અરજ છે. સાધર્મિક અનાજ સહાય વિગેરે અંગે જરૂરી ફોર્મ જ્ઞાતિની ઓફીસે ઉપલબ્ધ રહેશે. તો જ્ઞાતિની ઓફિસે સંપર્ક કરવો.

**(૮) એજ્યુકેશન એન્ડ અધર ચેરીટેબલ રીલીફ ટ્રસ્ટ**

**૮.૧** સહર્ષ સાથે જણાવવાનું કે આપણી જ્ઞાતિનાં વિદ્યાર્થી ભાઈ-બહેનો કે જેઓ ધો. ૯-૧૦-૧૧-૧૨ માં અભ્યાસ કરતાં હોય અને જેઓના કુટુંબની અંદાજીત આવક વાર્ષિક રૂા. ૩,૦૦,૦૦૦/- ત્રણ લાખ હોય તેઓને ક્લાસની ટ્યુશન ફી ની પહોંચ તથા આવકનો પુરાવો રજુ કરેથી રૂા. ૫૦૦૦/-ની સહાય આપવામાં આવશે.

**૮.૨** **પોસ્ટ ગ્રેજ્યુએટ ફી માટે :** પોસ્ટ ગ્રેજ્યુએટ માટેની ફી ના ફોર્મ પણ જ્ઞાતિની ઓફિસેથી મળશે. (રવિવાર તથા રજા સિવાયના દિવસે) જેમાં ફી ની પહોંચની ઝેરોક્ષ તથા પરીક્ષામાં પાસ થયાની માર્કશીટ મુકેથી યોગ્ય ફી આપવામાં આવશે. પોસ્ટ ગ્રેજ્યુએટમાં જેટલા પણ ફોર્મ હોયતેમાં દર વરસે ફોર્મ ભરવાનું રહેશે તથા દર વરસે તેની ફી આપવામાં આવશે.

**૮.3** **ધાર્મિક અભ્યાસ :** વ્યવહારિક શિક્ષણની સાથે ધાર્મિક અભ્યાસ પણ જીવનમાં ખૂબ જરૂરી છે. તેને લક્ષમાં રાખીને તા. ૩૧-૩-૧૯ સુધીમાં જેમની ઉંમર ૨૦ વર્ષ કરતાં ઓછી હોય તેવા જ્ઞાતિના ભાઈ-બહેનોએ બે પ્રતિક્રમણ સુધીનો અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેમને રૂા. ૧૦૦૦/- તથા જેઓએ પાંચ પ્રતિક્રમણ સુધીનો અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેમનો રૂા. ૫૦૦૦/- પુરસ્કારરૂપે આપવામાં આવશે. બે પ્રતિક્રમણ તથા પાંચ પ્રતિક્રમણ સુધીનો અભ્યાસ જે સાધુ-સાધ્વીજી અગર તે પાઠશાળાના શિક્ષક પાસે પુરો કરેલ હોય તેનો લેખિત કાગળ ય પુરાવારૂપે રજુ કરેથી પુરસ્કાર આપવામાં આવશે.

**૮.૪** **મેડીક્લેઈમ પોલીસી / મા અમૃતમ કાર્ડ :** જ્ઞાતિના લાણાદાર, ભાઈ બહેનોએ મેડીક્લેઈમ પોલીસી અથવા મા અમૃતમ કાર્ડ જેઓએ કઢાવેલ હોય, તેઓની નીચે મુજબની સહાય આપવામાં આવશે. (તા. ૧-૪-૧૮ થી ૩૧-૩-૧૯)

**૮.૫** જેઓની વાર્ષિક આવક રૂા. ૩,૦૦,૦૦૦/- ત્રણ લાખ સુધી હોયતેમને આ સહાય આપવામાં આવશે. જેઓની મેડીક્લેઈમ પોલીસીની વીમા રાશી રૂા. ૨,૦૦,૦૦૦/- બે લાખ સુધીની હોય તેઓને રૂા. ૧૫૦૦/- તથા જેઓની કુટુંબદીઠ વીમા રાશીની રકમ રૂા. ૧,૦૦,૦૦૦/- એક લાખ સુધીની હોય તેઓને રૂા. ૧,૦૦૦/- તથા જેઓએ મા અમૃતકાર્ડ કઢાવેલ હોય તેઓને રૂા. ૫૦૦/- વધારાની સહાય આપવામા આવશે.

ઉપરોક્ત બંને સહાય માટેને મેડીક્લેઈમ / મા અમૃતકાર્ડની (પોલીસીની) ફોટો કોપી રજુ કરેથી ઉપરોક્ત સહાય આપવામા આવશે.

**(૯)** જ્ઞાતિની વ્યવસ્થાપક સમિતિએ ખાલી પડેલ જગ્યા માટે શ્રી ઉર્મેશભાઈ ચંદ્રકાંતભાઈ શાહ તથા કો-ઓપ્ટ. મેમ્બરની ખાલી પડેલી જગ્યા માટે શ્રી બીરેનભાઈ મધુકરભાઈ વકીલની નિયુક્તિ કરેલ છે. જેને આપણે સૌ આવકારીએ છીએ.

**વિશેષ સૂચનાઓ :-**

(૧) લાણાદાર સભ્યોને નમ્ર વિનંતી કે લાણાંદાર સભ્યના કુટુંબમાંથી કોઈપણ એક વ્યક્તિનો મોબાઈલ નંબર જ્ઞાતિની ઓફિસે અરજી આપીને રજીસ્ટર્ડ કરાવી લેવા વિનંતી. જેથી જ્ઞાતિની પ્રવૃત્તિઓ વિશે આપને જાણકારી મળી શકે.
જો આપનો મોબાઈલ નંબર જ્ઞાતિમાં રજીસ્ટર્ડ થયેલ હશે. તેવા મોબાઈ નંબર ઉપરથી જ જ્ઞાતિની એપ્પ ડાઉન્લોડ થઈ શકશે.

(૨) આપના ફેમિલી મેમ્બર્સની વિગતો જ્ઞાતિની એપ્પ ઉપર જઈને આપ જાતે જ એડીટમાં જઈને સુધારી શકશો.

(૩) **લેડીઝ વીંગ :-** જ્ઞાતિ તેની ઈત્તર પ્રવૃત્તિઓ જેવી કે કૂકીંગ, ગૃહ ઉધાગ, શિક્ષણ-ભરત, ગ્લાસ પેઈન્ટીંક ઈત્યાદી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માંગે છે આવી પ્રવૃત્તિઓ જ્ઞાતિની દીકરીઓ, બહેનોને શીખવાડવા માટે કોઈપણ બહેન કે દીકરીને ઈચ્છા હો. તો તે અંગેનું ફોર્મ જ્ઞાતિની ઓફીસેથી તા. ૧-૬-૨૦૧૯ ના રોજથી મેળવી શકાશે. જેથી તમારી હુન્નર તથા કળાની સેવા તથા લાભ જ્ઞાતિજનોને મળી શકે.

(૪) **યુથ વીંગ :-** જ્ઞાતિના ૨૫ થી ૪૫ વર્ષની વયના યુવાનોને કોઈપણ ક્ષેત્રમાં જ્ઞાતિજનોને સહાયક બનવા માટેની ઈચ્છા હોય તેવા એક યુથવીંગનું નિર્માણ કરવા માંગે છે. તો જે પણ યુવાનોને આ બાબતે સહયોગ આપવા માટે તે અંગેનું ફોર્મ જ્ઞાતિની ઓફિસેથી તા. ૧-૬-૨૦૧૯ના રોજથી મેળવીને ભરી આપવાનું રહેશે.

(૫) જ્ઞાતિમાં ડૉકટરના વ્યવસાયમાં કાર્યરત ડૉકટર્સની ડીરેક્ટરી પ્રકાશિત કરવા માટે જ્ઞાતિની ઓફિસેથી તા. ૧-૬-૨૦૧૯ના રોજથી તે અંગેનું ફોર્મ મેળવીને ફોર્મ ભરીને પાછી આપવાનું રહેશે.
આપ સૌના સાથ, સહકાર, ઉત્સાહની આતુર નયને રાહ જોતા વ્યવસ્થાપક કમિટીના સર્વ સભ્યોના સાદર પ્રણામ.

(૬) શહેર અમદાવાદના પાલડી વિસ્તારમાં આવેલ ભઠ્ઠા વિસ્તારમા આવેલ 'મણીભુવન'ના નામે ઓળખાતા હોલમાં તેઓની શરતોને આધિન જ્ઞાતિ બંધુઓને હોલ વાપરવા અંગે તેઓના નિર્ધારીત દર થી ૨૦% લેખે ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. જેમાં હોલના બેઝિક ભાડામાંથી ૧૦% ડિસ્કાઉન્ટ લીલાવતી દલપતરામ પ્રેમચંદ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી તથા ૧૦% ડિસ્કાઉન્ટ જ્ઞાતિ તરફથી આપવામાં આવશે.

એજ લિ.
જ્ઞાતિ તથા જ્ઞાતિ સંલગ્ન ટ્રસ્ટો વતી જ્ઞાતિની વ્યવસ્થાપક કમિટિ